દાખલ તારીખ :૦૩/૦૮/૨૦૨૩
નોધ્યા તારીખ :૦૩/૦૮/૨૦૨૩
ફેસલ તારીખ :૦૫/૦૮/૨૦૨૩
સમય ગાળો : વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૦૨

**છોટાઉદેપુરના પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ અને સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ:છોટાઉદેપુર.**

ફોજદારી પરચુ.અ.નં.૪૧૨/૨૦૨૩
આંક:

અરજદાર :(૧)**શીવરાજ પીંગાભાઈ કનેશ,** ઉ.વ.૧૯,
(૨)**રાકેશભાઈ ઉઝાડીયાભાઈ કનેશ,** ઉ.વ.૨૦
બન્ને ધંધો:ખેતી
રહે:ઉમરખડી ગામ, બજાર ફળીયા,
તાલુકો:સોઢવા, જિલ્લો–અલીરાજપુર

વિરૂધ્ધ...

સામાવાળા : ધી સ્ટેટ ઓફ ગુજરાત.

અરજ: ક્રિ.પ્રો.કોડ કલમ–૪૩૯ મુજબ રેગ્યુલર જામીન મેળવવા અંગે...

---

અરજદારો તરફે વિધ્વાન વકીલ શ્રી એફ.કે.પઠાણ
સામાપક્ષે સરકારશ્રી તરફે વિધ્વાન ડી.જી.પી.શ્રીમતિ એસ.એ.દેસાઈ

---

**–: જજમેન્ટ :–**

(૧) આ કામના અરજદારોએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૯ મુજબ રેગ્યુલર જામીન મેળવવા હાલની અરજી કરેલ છે, જેની હકિકત નીચે મુજબ છે.

આ કામના અરજદારો વિરુધ્ધ પાનવડ પોલીસ સ્ટેશન પાર્ટ–સી ગુ.ર.નં.૧૧૧ ૮૪૦૦૬૨૩૦૫૬૨/૨૦૨૩ થી ગુજરાત નશાબંધી સુધારા વટહુકમ:૨૦૧૬ની કલમ: ૬૫(એ)(ઈ),૧૧૬(બી), ૯૮(૨),૮૧ મુજબનો ગુનો દાખલ થયેલો છે. આ ગુનાના કામે પોલીસે અરજદારોની તા:૨૬/૭/૨૦૨૩ના રોજ અટક કરી નીચેની કોર્ટ સમક્ષ રજુ કરી રીમાન્ડની માંગણી કરતાં રીમાન્ડ મંજુર થયેલ અને રીમાન્ડ પુરા થતાં અરજદારોને નીચેની કોર્ટ સમક્ષ તા:૨૭/૭/૨૦૨૩ ના રોજ રજુ કરતાં નીચેની કોર્ટે અરજદારને જયુડીશ્યલ કસ્ટડીમાં લીધેલા જેથી અરજદારે નીચેની કોર્ટ સમક્ષ જામીન અરજી નં.૧૩૩/૨૦૨૩ની

કરેલી જે અરજી નીચેની કોર્ટે નામંજુર કરેલી હોય જેથી હાલની રેગ્યુલર જામીન લેવા અરજદારે હાલની અરજી કરેલ છે.

(૨) અરજદારો તરફે તેમના વિ. વકીલશ્રી એફ.કે.પઠાણે દલીલો કરતાં મુખ્યત્વે જણાવેલ છે કે, પાનવડ પોલીસ સ્ટેશન પાર્ટ–સી ગુ.ર.નં.૧૧૧૮૪૦૦ ૬૨૩૦૫૬૨/૨૦૨૩ થી ગુજરાત નશાબંધી સુધારા વટહુકમ:૨૦૧૬ની કલમ: ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨),૮૧ મુજબના ગુન્હામાં અરજદારો જેલમાં હોય અરજદારે નીચેની કોર્ટ સમક્ષ જામીન અરજી કરેલી જે નામંજુર થયેલ છે. અરજદાર તરફે મુખ્યત્વે જણાવ્યુ છે કે, અરજદારોની પોલીસ કસ્ટડી તપાસ થયેલી છે, મોટાભાગની પોલીસ તપાસ પુરી થઈ ગયેલ છે અને અરજદારો તા:૨૭/૭/૨૦૨૩થી જયુડીશ્યલ કસ્ટડીમાં છે. અરજદારો મોજે–ગામ:રહે:ઉમરખડી ગામ, બજાર ફળીયા, તાલુકો:સોઢવા, જિલ્લો–અલીરાજપુરના કાયમી રહીશો છે, કૌટુંબિક જવાબદારી ધરાવે છે, તેમનુ ગામ ટ્રાયલ કોર્ટની હકૂમત વિસ્તારની નજીકમાં આવેલ છે, તેઓ નાસી ભાગી જશે નહી અને તેઓનો આ પ્રથમ ગુનો છે, અરજદારો કોર્ટ જણાવે તે તમામ શરતોનુ પાલન કરશે, વિગેરે કારણોસર યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૩) સામાપક્ષે સરકાર તરફે વિધ્વાન ડી.જી.પી.શ્રીમતિ એસ.એ.દેસાઈએ જામીન અરજીનો વિરોધ કરતાં મુખ્યત્વે જણાવેલ છે કે, આ ગુનાના કામે પોલીસને બાતમી મળેલી જેના આધારે તલાવ ગામના બસ સ્ટેન્ડ પાસે નાકાબંધી કરી વોંચ ગોઠવી અરજદારોના કબજા ભોગવટાની હોન્ડા સ્પ્લેન્ડર મોટર સાયકલ નં.જીજે.૦૬.સીકયુ.૯૨૪૦ આવતાં તેને રોકી હાલના બન્ને અરજદારો તેમના કબજા ભોગવટાની ઉપરોકત મોટર સાયકલ સાથે પકડાઈ ગયેલ અને અરજદારોની કબજા ભોગવટાની મોટર સાયકલ ઉપરથી વિદેશી દારુની બીયરની બોટલો નંગ:૭૫ જેની કિંમત રૂા.૨૬,૪૪૨/ નો વિદેશી દારુનો જથ્થો પકડેલ અરજદારો આ દારુની હેરાફેરી કરવા માટે કોઈ લાયસન્સ કે પરમીટ ધરાવતા નથી અને ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે હેરીફેરી કરતાં પકડાઈ ગયેલ હોવાનો પ્રથમદર્શનિય કેસ છે,બીજા રાજયના રહીશો છે જેથી જામીન મુકત થઈને નાસી ભાગી જશે વિગેરે હકિકતે અરજી નામંજુર કરવા રજુઆત કરી છે.

(૪) અરજદારની અરજી, તપાસ કરનાર અમલદારશ્રીનુ સોગંદનામુ, તપાસના

કાગળો વિગેરે વંચાણે લીધા. ગુન્હાની હકિકત ધ્યાને લેવામાં આવે તો, પોલીસને બાતમી મળેલી જેના આધારે તલાવ ગામના બસ સ્ટેન્ડ પાસે નાકાબંધી કરી વોંચ ગોઠવી અરજદારોના કબજા ભોગવટાની હોન્ડા સ્પ્લેન્ડર મોટર સાયકલ નં.જીજે.૦૬.સીક્યુ.૯૨૪૦ આવતાં તેને રોકી હાલના બન્ને અરજદારોનુ નામ ઠામ પુછતાં આરોપીઓ તરીકેનુ જણાવેલ અને તેમના કબજા ભોગવટાની ઉપરોકત મોટર સાયકલ ઉપરથી વિદેશી દારુની બીયરની બોટલો નંગ:૭૫ જેની કિંમત રૂા.૨૬,૪૪૨/ નો વિદેશી દારુનો જથ્થો પકડેલ, અરજદારો આ દારુની હેરાફેરી કરવા માટે કોઈ લાયસન્સ કે પરમીટ ધરાવતા નથી અને ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે હેરીફેરી કરતાં પકડાઈ ગયેલ તેવો કેસ છે. અત્રે એ હકિકત નોંધવી ઉલ્લેખનિય છે કે, અરજદારો પૈકી અરજદાર નં.ર ની મોટર સાયકલ ઉપર બન્ને અરજદારોને વિદેશી દારૂની વગર પાસ પરમીટે હેરાફેરી કરતાં તા:૨૬/૭/૨૦૨૩ના રોજ અટક કરવામાં આવેલી છે અને અરજદારોના પોલીસ કસ્ટડી રીમાન્ડની માંગણી કરી પોલીસ તપાસ હાથ ધરવામાં આવેલી છે અને તા:૨૭/૭/૨૦૨૩ ના રોજ અરજદારો ને જ્યુડીશ્યલ કસ્ટડીમાં લીધેલ છે. આમ, અરજદારો સામેના ગુનાની મોટાભાગની પોલીસ તપાસ પુરી થવા આવેલ છે. તેમજ અરજદાર મોજે ગામ:ઉમરખડી ગામ, બજાર ફળીયા, તાલુકો: સોઢવા, જિલ્લો–અલીરાજપુરના કાયમી રહીશો છે, કૌટુંબિક જવાબદારી ધરાવે છે, તેમનુ ગામ કેસની ટ્રાયલ ચલાવનાર કોર્ટની હકૂમત વિસ્તારની નજીકમાં આવેલ છે, અને કોર્ટ જણાવે તે તમામ શરતોનુ પાલન કરવા બાંહેધરી આપે છે. અરજદારોનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી, આ પ્રથમ ગુનો છે. આ તમામ હકિકતો ધ્યાને લેવામાં આવે તો, અરજદારોની ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાનની હાજરી સુનિસ્ચિત જણાય છે. વળી, અરજદારો સામેના ગુન્હાની વધુમાં વધુ સજાની જોગવાઈ દશ વર્ષની છે અને તે જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ચલાવી શકે તેવો છે. આમ, અરજદારો સામેનો ગુન્હો, ગુન્હાની કાયદામાં ઠરાવેલ સજાની જોગવાઈ તથા રેગ્યુલર જામીન સબંધિત પ્રતિપાદિત થયેલ કાનુની સિધ્ધાંતો વિગેરે ધ્યાને લઈ આ કામના અરજદારોને યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા જોઈએ તેમ હુ માનુ છુ અને નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**:: હુ ક મ ::**

અરજદાર/આરોપી નં.**(૧)શીવરાજ પીંગાભાઈ કનેશ,** ઉ.વ.૧૯, નં. **(૨)રાકેશભાઈ**

**ઉઝાડીયાભાઈ કનેશ**, ઉ.વ.૨૦, રહે:ઉમરખડી ગામ, બજાર ફળીયા, તાલુકો:સોઢવા, જિલ્લો–અલીરાજપુર નાઓની હાલની જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે અને અરજદારોને પાનવડ પોલીસ સ્ટેશન પાર્ટ–સી ગુ.ર.નં.૧૧૧૮૪૦૦૬૨૩૦ ૫૬૨/૨૦૨૩ થી ગુજરાત નશાબંધી સુધારા વટહુકમ:૨૦૧૬ની કલમ:૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨),૮૧ મુજબના કામે દરેક અરજદારે અલગથી રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલીજ રકમના જાતમુચરકા નીચેની અદાલતમાં કરી આપ્યેથી, ક્રિ.પ્રો. કોડની કલમ–૪૩૯ મુજબ તેમને નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો** :–

૧. દરેક અરજદાર/આરોપીએ પોતાના રહેઠાણનુ કાયમી સરનામુ તથા મોબાઈલ નંબર ધરાવતા હોય તો તે કોર્ટમાં જાહેર કરવુ અને કોર્ટની પરવાનગી વિના તેમાં કોઈ ફેરફાર કરવુ નહી.

૨. દરેક અરજદાર/આરોપી તથા તેઓના જામીનદારે (બન્નેએ) નીચેની અદાલત માં જામીન આપતી વખતે પોતાના લેટેસ્ટ રંગીન પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ તથા પોતાની ઓળખના ઓછામાં ઓછા બે સરકારી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવાના રહેશે.

૩. આ કામના અરજદારો કોર્ટની પ્રાથમિક પરવાનગી વિના ભારત દેશની હદૃ છોડવી નહી.

૪. અરજદારો જો પાસપોર્ટ ધરાવતા હોય તો આ હુકમની તારીખથી દિન–૭ માં નીચેની કોર્ટ સમક્ષ રજુ કરવી દેવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનુ સોગંદનામુ નીચેની કોર્ટ સમક્ષ કરવુ.

૫. કેસની ટ્રાયલ દરમ્યાન નિયમિત હાજર રહેવુ.

આ હુકમ આજ રોજ તારીખ:૦૭ મી, માહે–ઓગષ્ટ, સને:૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

તા:૦૭/૦૮/૨૦૨૩
છોટાઉદેપુર.

**(ડી.પી.ગોહીલ)**
**સેશન્સ જજ, છોટાઉદેપુર**
**કોડ–જીજે૦૦૪૬૫**

/પી.વી.રાઠવા/